GJAN080020942023

सत्यमेव जयते

**ઉમરેઠના મહેરબાન એડિશ્નલ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સાહેબશ્રીની કોર્ટ સમક્ષ મુ.ઉમરેઠ.**

**ફો.પ.અ.નં. ૨૯૯/૨૦૨૩**

**આંક – ૧૮**

**અરજદાર:** ગીરીશભાઈ જયંતીલાલ શાહ

ઉ.વ.આ. ૭૨, ધંધો : ઘરકામ

મુળ રહે. જાનની ખડકી, ભાલેજ, તા.ઉમરેઠ જી.આણંદ

હાલ રહે. રૂમ નં.૫, નિર્ણય પાર્ક, ચાલ નં.૦૯ આંચોળે લીટર ફ્લાવર સ્કુલ પાસે, અચોલે, ડોન લેન નાલાસોપારા–ઈસ્ટ, થાણા મહારાષ્ટ–૪૦૧૨૦૯

**વિરુદ્ધ**

**સામાવાળા:** (૧) જન્મ/મરણ નોંધણી અધિકારીશ્રી

તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત

મુ.ભાલેજ, તા.ઉમરેઠ જી.આણંદ

(૨) મામલતદારશ્રી ઉમરેઠ

મુ.ઉમરેઠ જી.આણંદ

**:: ચુકાદો ::**

(૧) અરજદારે હાલની અરજી અરજદારે પોતાના નાના બહેનનો જન્મ તા. ૧૩/૦૫/૧૯૬૩ ના રોજ ઘરે ( ભાલેજ (ઘરે) તા.ઉમરેઠ જી.આણંદ )

મુકામે થયેલ હોવાનું અને જેની નોંધ કરાવવાનું કાયદાની અજ્ઞાનતાને કારણે રહી ગયેલ અને અરજીમાં જણાવેલ કારણે જન્મના દાખલાની જરૂર હોઈ આ અરજી કરેલ છે અને અરજીમાં ગણી મુજબ હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તરફે અરજીના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

| ક્રમ. | વિગત | આંક |
| --- | --- | --- |
| ૧. | જાહેર નોટીસ | ૦૪ |
| ૨. | વર્તમાન દૈનીક પત્રમાં સદરહું જાહેર નોટીસ છપાવેલ તે ન્યુઝપેપર | ૦૫ |
| ૩. | ધર્મેન્દ્રસિંહ બહાદુરસિંહની જુબાની | ૦૬ |
| ૪. | ભઈલાલભાઈ મોતીભાઈ ઠાકોરની જુબાની | ૦૮ |
| ૫. | જન્મનોંધનું રેકર્ડની ખરી નકલ | ૦૯ |
| ૬. | અપ્રાપ્ય પ્રમાણપત્ર | ૧૦ |
| ૭. | અરજદાર ગીરીશભાઈ જયંતિલાલ શાહનાઓનું સોગંદનામું | ૧૨ |

(૩) અરજદાર તરફે આંક–૧૨ થી અરજદારના પુરાવાનું સોગંદનામું રજૂ થયેલ છે જેમાં તેઓએ હાલની અરજીની હકીકતનું પુનરાવર્તન કરેલ છે.

(૪) આ કામે અરજદાર ધ્વારા તપાસવામાં આવેલ પુરાવો જોઈએ તો અરજદારે તેમના આંક–૧૨ ના પુરાવાના સોગંદનામામાં પોતાના બહેન

હંસાબેન જયંતિલાલ શાહનો જન્મ તા.૧૩/૦૫/૧૯૬૩ ( ભાલેજ (ઘરે) તા.ઉમરેઠ જી.આણંદ ) મુકામે થયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આંક–૦૫ થી જાહેર નોટિસ "નયા પડકાર" દૈનિક વર્તમાનપત્ર રજુ રાખેલ છે.

(૫) સામાવાળા જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મામલતદાર કચેરી ઉમરેઠને નોટીસ કરવામાં આવેલ. જે બજી જતાં તેમના તરફે કચેરીના અધિકારી સાહેદ ભઈલાલભાઈ મોતીભાઈ ઠાકોર અદાલત સમક્ષ હાજર થઈ આંક–૦૮ થી સોગંદ ઉપર પુરાવો આપી તેઓની કચેરીમાં અરજદારના પુત્રીના જન્મની કોઈ નોંધ થયેલ નથી તેવું જણાવેલ છે અને આ બાબતે આંક–૦૯ થી જન્મનોંધનું રેકર્ડની ખરી નકલ આંક–૧૦ થી અપ્રાપ્ય પ્રમાણપત્ર રજૂ કરેલ છે.

(૬) આમ, અરજદારે તેની અરજીના સમર્થનમાં આપેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં અરજદારના નાના બહેનનો જન્મ અરજીમાં જણાવેલ તારીખે અને સ્થળે થયેલ છે અને અરજીમાં જણાવેલ કારણસર નોંધ કરાવવાનું રહી ગયેલ હોવાનું અને અરજીમાં જણાવેલ કારણસર જરૂર હોવાનું સાબીત થાય છે. વધુમાં જે તે કચેરીમાં નોંધ થયેલ ન હોવાનું પણ રજૂ થયેલ પુરાવાથી સાબિત થાય છે. આમ, કલમ–૧૩ માં જણાવેલી વિગતોએ જોતાં નોંધ બાબતે માનવાલાયક અને પુરતો પુરાવો રેકર્ડ ઉપર હોય, નોંધણી ધારા મુજબની નોંધણી કરાવવાનું શરતચૂકથી રહી જવા પામેલાની અરજદાર પક્ષે જે દલીલ કરવામાં આવેલ છે તેમાં વજુદ જણાય છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદારનો જન્મ કઈ તારીખે થયેલ છે તે સંબંધી માનવાલાયક અને પૂરતો પુરાવો હોય, અરજી મંજૂર કરવાપાત્ર હોય,

કલમ–૧૩ અન્વયે મળેલી સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

<u>(૧)</u> અરજદાર ગીરીશભાઈ જયંતીલાલ શાહની અરજી મંજૂર કરવામાં આવે છે. **અરજદારના નાના બહેન હંસાબેન જયંતિલાલ શાહનો જન્મ તા.૧૩/૦૫/૧૯૬૩** (ભાલેજ (ઘરે) તા.ઉમરેઠ જી.આણંદ) મુકામે થયેલ છે તે મુજબની નોંધ સામાવાળા જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત મુ.ભાલેજ, મામલતદાર કચેરી ઉમરેઠને જરૂરી લેઈટ ફી વસુલ લઈ રજિસ્ટરમાં કરી આપવી તથા માંગણી થયેથી દાખલો કાઢી આપવો.

<u>(૨)</u> આ અરજીમાં જણાવેલ હેતુ અંગે અગાઉ કોઈ હુકમ થયેલ હશે તો આ હુકમ આપોઆપ રદ ગણાશે.

<u>(૩)</u> આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ઉમરેઠ.

<u>તા.૨૦/૦૬/૨૦૨૬</u>

**(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
એડિશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
**ઉમરેઠ**
***(JUDGE CODE GJ-01692)***

<u>D.M.Talpada–Steno.</u>